સંક્ષિપ્ત સમાચાર

સાયણમાં વાહન અડફેટે એકનું મોત

સાયણ: ઓલપાડના કારેલી-શેખપુર રોડ પર શનિવારે સાંજેઅકસ્માતમાં મૂળ ઓડિશાના ૫૦ વર્ષીય શ્રમિક મિનાકેતન સ્વાઈનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. નોકરીથી ઘરે પરત ફરી રહેલા શ્રમિકની સાઇકલને અજાણ્યા વાહને ટક્કર મારી ચાલક ફરાર થઈ ગયો હતો. ઓલપાડ પોલીસે પુત્રની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં ગાંજા સાથે મહિલા ઝડપાઈ

ભરૂચ, અંકલેશ્વર: ભરૂચ SOGએ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં બાતમીના આધારે દરોડો પાડી સારંગપુરની મંગલદીપ સોસાયટીમાંથી સોનીકુમારી મંડલ નામની મહિલાને ઝડપી પાડી છે. પોલીસને તેની પાસેથી રૂ.1,72,300 લાખની કિંમતનો 3.44 કિલો ગાંજો, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.1,78,700 લાખનો મુદ્દામાલ મળી આવ્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી માલ સપ્લાય કરનાર ઓડિશાના સુમિતને વોન્ટેડ જાહેર કર્યો હતો.

અંકલેશ્વરમાં દ્વિતીય લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય સમારંભ યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વર ખાતે શ્રી તળપદા કોળી પટેલ સમાજ ઉત્કર્ષમંડળ દ્વારા દ્વિતીય લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, 150 જેટલાં લગ્ન માટે ઇચ્છુક યુવક-યુવતીઓને એકબીજાને પરિચય કરવાની તક આપવામાં આવી હતી.

સોનગઢમાં વાહન અડફેટે વૃદ્ધનું મોત

સોનગઢ: સોનગઢ તાલુકા પંચાયત પાસે ગત જાન્યુઆરીમાં સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ 70 વર્ષીય વૃદ્ધનું દોઢ મહિનાની સારવાર બાદ મોત નીપજ્યું હતું. આમલી ગામના ઉબડિયાભાઇ ગામીત ગત 21 જાન્યુઆરીએ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા વાહન ચાલકે તેમને અડફેટે લીધા હતા. માથા અને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેમને સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં શનિવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ મામલે સોનગઢ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોસમાડા પાસે ટ્રેન અડફેટે એકનું મોત

કામરેજ: કામરેજના કોસમાડામાં ગુડ્સ ટ્રેનના ટ્રેક પર બે દિવસ અગાઉ અજાણ્યા ઈસમનો રેલવેના ટ્રેક પર શરીરથી ધડના ભાગેથી બે ટુકડા થઈ ગયેલી હાલતમાં માથુ તેમજ ધડનો ભાગ છુંદાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે કામરેજ પોલીસને જાણ થતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મગણાદમાં બે બાઈક અથડાતાં યુવકનું મોત

ભરૂચ: જંબુસરના મગણાદમાં પેટ્રોલ પંપ નજીક બે દ્વિચક્રી વાહનો સામસામે ભટકાઈ ગયા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે ટક્કર લાગતાની સાથે જ યુપીના 25 વર્ષીય મહાવીર યાદવને ગંભીર ઈજાઓ પહોંચી અને તેણે ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો.

સાયણમાં બિહારીને તમાચા ઝીંકતાં ફરિયાદ

સાયણ: સાયણની આદર્શનગર સોસાયટીમાં ધુળેટીના દિવસે નજીવી બાબતે થયેલો ઝઘડો પોલીસ મથકે પહોંચ્યો છે. ટેક્સટાઇલ યુનિટમાં કામ કરતા પિન્ટુ સિંહ અને તેમના ભાઈ ઘર પાસે ઊભા હતા, ત્યારે પડોશમાં રહેતા કનૈયા બિંદ અને રાજેશ બિંદે "અહીં કેમ ઊભો છે?" તેમ કહી હુમલો કર્યો હતો. આ દરમિયાન અન્ય બે મિત્રો વિશ્વજીત અને અમને પણ આવીને બંને ભાઈઓ સાથે મારપીટ કરી હતી. હુમલાખોરોએ યુવકની રૂ.૨૫,૦૦૦ની બાઈકમાં તોડફોડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. શરૂઆતમાં સમાધાનના પ્રયાસો થયા હતા, પરંતુ તે નિષ્ફળ જતાં પિન્ટુએ શનિવારે ચારેય વિરુદ્ધ ઓલપાડ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

કામરેજમાં મારામારી થતાં ફરિયાદ

કામરેજ: મૂળ ભાવનગરના તળાજા તાલુકાના રાજપરા વતની અને હાલ કામરેજ નજીક આવેલી સીતારામ ચોક નજીક પટેલ પાર્કની બાજુમાં જે.બી. ફાર્મમાં ગર્ભવતી કાજલબેન રાહુલભાઈ ગોહિલ રહે છે. બે દિવસ સવારે આશરે 10 કલાકે રસોઈ બનાવતાં હતાં. ત્યારે ઘરના આંગણામાં પાર્ક કરેલી મોપેડ પર અચાનક અવાજ આવતાં ઘરની બહાર આવીને જોતાં જેઠ મેહુલભાઈના મિત્ર ગોવિંદ ભોકળવા મોપેડ પર લાકડી વડે સપાટા મારતા હતા. જેને અટકાવવા જતાં કાજલબેન અને ગોવિંદ ભોકળવા વચ્ચે ઝપાઝપી થતાં જમણા પગે લાકડી વાગી હતી. ગાળો આપવા લાગતાં સોસાયટીના લોકો ભેગા થઈ જતાં નણંદ અને નણદોઈને ફોન કરીને બોલાવ્યા હતા. તેમને પણ ગાળો બોલવા લાગ્યો હતો. કાજલબેનના જેઠ પાસે રૂપિયા લેવાના હોવાથી ધમકાવવા માટે આવતાં કામરેજ પોલીસ મથકમાં ગોવિંદ ભોકળવા સામે ફરિયાદ નોંધાવી હતી.

ઓરણા ગામે વીજતારોની ચોરી

કામરેજ: કામરેજના સેવણી ગામમાં નાણાવટી ફળિયામાં રહેતા અને ગામમાં ડીજીવીસીએલની પેટા વિભાગીય કચેરીમાં નાયબ ઈજનેર તરીકે મુકેશ પ્રવીણ રાવલ એક વર્ષથી નોકરી કરે છે. ત્રણ દિવસ અગાઉ ઓરણા ગામના ભૂતિયાવગામાં ઓરણાથી ધારૂથા ફીડર પર આવેલા ટી.સી. ખેતરના સર્વિસ થાંભલા સુધી વાયરોની તથા ડી.પી.નીચે ઉતારીને એલ્યુમિનિયમના વાયરોની ચોરી થતાં સ્ટાફ સાથે જઈને તપાસ કરતાં એલ્યુમિનિયમનો એચ.ટી. લાઈનના આશરે 525 મીટર ત્રણ વીજતારનું વજન આશરે 220 કિલો કિંમત રૂ.98731ની ચોરી થવા પામતાં કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી.

બાબેનમાં આરોગ્ય જાગૃતિ અભિયાન

બારડોલી: બાબેન ગામે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (JITO) લેડીઝ વિંગ દ્વારા સેવા, જ્ઞાન અને આર્થિક સશક્તિકરણના ઉદ્દેશ સાથે 'નેશનલ પર્પઝ મહિલા કાર રેલી' અને આરોગ્ય પોષણ ડ્રાઇવનું આયોજન થયું હતું. આ કાર્યક્રમ બાબેન સ્થિત અનુવ્રત વાટિકા ખાતે પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમારની ગરિમામય અધ્યક્ષતામાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાયનેકોલોજિસ્ટ ડો.પાયલબેન ગામીત, પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમાર હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે આયોજિત મહિલા કાર રેલીમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી.

સોનગઢમાં તસ્કરોનો આતંક

સોનગઢ: સોનગઢની અમનપાર્ક સોસાયટીમાં રહેતા મહેમદજાવીદ કુરેશીના બંધ ઘરના વેન્ટિલેટરની બારી તોડી તસ્કરોએ પ્રવેશ કર્યો હતો. કબાટમાંથી રૂ.૪૦,૦૦૦ રોકડ, બે મોબાઈલ અને દાગીના મળી કુલ રૂ.૮૪,૦૦૦ની મતાની ચોરી થઈ છે. આ ઉપરાંત, ઉકાઈ રોડ પર આવેલી સનસિટી સોસાયટીમાં પણ એકસાથે ત્રણ ઘરમાં ચોરીની ઘટના સામે આવી હતી.

પીપોદરામાં ભાડા કરાર ભંગ બદલ કાર્યવાહી

હથોડા: સુરત જિલ્લા SOG પોલીસે પીપોદરાની દાલમીલ વિસ્તારમાં તપાસ કરતાં અબ્દુલ પઠાણની બે બિલ્ડિંગમાં 32 જેટલા રૂમો કોઈપણ ભાડા કરાર કે પોલીસ વેરિફિકેશન વગર ભાડે અપાયા હોવાનું ખૂલ્યું હતું. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસકર્મી ગીરીરાજસિંહ ગોહિલે ફરિયાદ નોંધી હકીકુલ્લા સિદ્દીકી અને મહંમદ અલી અન્સારીને વોન્ટેડ જાહેર કર્યા છે.

પાનોલીની ક્રિશી રસાયણમાં ભીષણ આગ

10 કિમી દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા-10 ફાયર ફાઈટરે સાડા ત્રણ કલાકમાં કાબૂ મેળવ્યો

અંકલેશ્વર, ભરૂચ: પાનોલી GIDCમાં રવિવારે સવારે 'ક્રિશી રસાયણ એક્સપોર્ટ પ્રાઇવેટ લિમિટેડ' નામની કેમિકલ કંપનીના પ્લાન્ટમાં અચાનક આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગ એટલી વિકરાળ હતી કે તેના કાળા ધુમાડાના ગોટેગોટા 5થી 10 કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા તાત્કાલિક 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો હતો. આગની જાણ થતાં જ પાનોલી, અંકલેશ્વર અને ભરૂચના વિવિધ ફાયર સ્ટેશનોની 10થી વધુ ફાયર એન્જિન ત્યાં દોડી ગયાં હતાં.

ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ, પાણીની સાથે મોટા પ્રમાણમાં ફોમ (Foam)નો ઉપયોગ કરીને લગભગ સાડા ત્રણ કલાકની કામગીરી બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે રવિવારની રજા હોવાના કારણે કંપનીમાં કર્મચારીઓની સંખ્યા ઓછી હતી, જેથી આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જો કે, આગને કારણે કંપનીનો પ્લાન્ટ, મશીનરી અને કાચો માલ બળીને ખાખ થઈ ગયો છે, જેનાથી લાખો રૂપિયાના નુકસાનનો અનુમાન લગાવાઈ રહ્યું છે.

આગ દરમિયાન થયેલા પ્રચંડ ધડાકાઓને કારણે આસપાસના રહીશો અને અન્ય ઉદ્યોગકારોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સાવચેતીના ભાગરૂપે આસપાસની અન્ય કંપનીઓને પણ એલર્ટ કરી દેવામાં આવી હતી. હાલમાં ફાયર વિભાગ અને પોલીસ દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

આગનો ધુમાડો સુરત જિલ્લાના કીમ સુધી દેખાયો

કીમ: પાનોલી GIDC વિસ્તારમાં આગના ધુમાડાનો પ્રભાવ ભરૂચ જિલ્લા બહાર સુધી જોવા મળ્યો હતો. સુરત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વહેલી સવારે આકાશમાં કાળાં વાદળો છવાઈ ગયાં હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ખાસ કરીને સુરત જિલ્લાના કીમ ગામ ખાતે વહેલી સવારે આકાશમાં જાણે ધુમાડાની ચાદર પથરાઈ ગઈ હોય તેવાં દૃશ્યો સર્જાયાં હતાં. ધુમાડાના કારણે કેટલાક સમય માટે આસપાસના વિસ્તારમાં અંધારાનો માહોલ સર્જાયો હતો.

પરબમાં ખેતરમાં પરપ્રાંતિય યુવકની માથામાં બોથડ પદાર્થ મારી હત્યા

સુરેશ મિશ્રા ત્રણ દિવસ અગાઉ જ ખોડિયાર ટેક્સટાઇલમાં કામ પર જોડાયો હતો

કામરેજ: કામરેજના પરબ ગામની સીમમાં ઓમ ઇન્ડસ્ટ્રિયલની સામે આવેલા ખુલ્લા ખેતરમાં રવિવારે સવારે એક પરપ્રાંતિય યુવકની બોથડ પદાર્થ મારી હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પરબ ગામના પાદર ફળિયામાં રહેતા ગોવિંદભાઈ કેશવભાઈ આહિરનું ઉભેળથી પરબ જતાં રોડ પર બ્લોક નં.147વાળું ખેતર આવેલું છે. રવિવારે સવારે આશરે 8 કલાકે આ ખેતરમાં એક યુવકની લોહીલુહાણ લાશ પડી હોવાની જાણ સામે જ આવેલી 'ઓમ ઇન્ડસ્ટ્રિયલ સેક્શન-14'ના કોમ્પ્લેક્સના એક દુકાનદારે પોલીસને કરી હતી. ઘટનાની જાણ થતાં જ કામરેજ પી.આઈ. અને સુરત જિલ્લા એલ.સી.બી. પી.આઈ. કાફલા સાથે સ્થળ પર દોડી આવ્યા હતા.

પોલીસે તપાસ હાથ ધરતાં મૃતકની ઓળખ સુરેશ ઉર્ફે દીપુ હરિશંકર મિશ્રા (ઉ.વ.41) (રહે.,મૂળ કોલવા આંશીક, રાયબરેલી, ઉત્તર પ્રદેશ) તરીકે થઈ હતી. મૃતક યુવક પરબ ગામની ઓમ ઇન્ડસ્ટ્રિયલના ખાતા નં.165માં આવેલી 'ખોડિયાર ટેક્સટાઇલ'માં રહીને મજૂરીકામ કરતો હતો. આ ગંભીર ઘટનાની જાણ થતાં સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ પણ સ્થળ મુલાકાત લીધી હતી. હાલ કામરેજ પોલીસે હત્યાનો ગુનો નોંધી ડોગ સ્ક્વોડ અને એફ.એસ.એલ.ની મદદથી હત્યારાઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

મહુવરિયામાં અજાણ્યાના ગળામાં કાપડનો પટ્ટો બાંધેલી લાશ મળી, હત્યાની આશંકા

અનાવલ: અંબિકાના મહુવરિયામાં ભાત રોપણીના ખેતરમાં અજાણ્યા પુરુષની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. મૃતકના ગળામાં કાપડનો પટ્ટો બંધાયેલો જોવા મળતાં હત્યાની આશંકા વ્યક્ત થઈ રહી છે. મહુવરિયામાંથી પસાર થતી ઉકાઈ ડાબા કાંઠાની નહેરની બાજુમાં આવેલા ભાત રોપણીના ખેતરમાં અંદાજે ૪૦થી ૪૫ વર્ષના અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. આ બનાવ અંગે મહુવા પોલીસને જાણ કરતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. મૃતકના ગળાના ભાગે કાપડનો પટ્ટો બંધાયેલો જોવા મળ્યો હતો. આ બનાવ અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં અપ્રાકૃતિક મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે મૃતકની ઓળખ મેળવવા તેમજ ઘટનાનાં સાચાં કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

ઘટના સ્થળેથી સિમેન્ટનો થાંભલો અને ચપ્પલ મળી આવ્યાં

કામરેજ: જે જગ્યાએ યુવકની હત્યા કરવામાં આવી છે, ત્યાંથી પોલીસને લોહીલુહાણ હાલતમાં એક સિમેન્ટનો નાનો થાંભલો, ચપ્પલ અને શર્ટ મળી આવ્યાં છે. જે ખેતરમાં લાશ મળી તે રોડની એકદમ નજીક છે અને ત્યાં વાહનોની સતત અવરજવર રહેતી હોય છે, જેથી પ્રાથમિક અનુમાન મુજબ આ હત્યા રાત્રિના અંધકારમાં કરવામાં આવી હોઈ શકે છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે મૃતક યુવક માત્ર ત્રણ દિવસ અગાઉ જ ખોડિયાર ટેક્સટાઇલમાં કામ પર જોડાયો હતો.

એનામાં કતલખાને લઈ જવાતી ૨૦ ભેંસ ભરેલું કન્ટેનર ઝડપાયું

પલસાણા: પલસાણા પોલીસે એનામાં એક્સપ્રેસ-વે પર વોચ ગોઠવી કતલખાને લઈ જવાતી ૨૦ ભેંસ ભરેલું એક કન્ટેનર ઝડપી પાડ્યું છે. આ મામલે પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી છે અને કુલ ૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પલસાણા પોલીસમથકના કર્મચારીઓને બાતમી મળી હતી કે, એના ટોલનાકા પાસે ભારતમાલા એક્સપ્રેસ-વે પર ગૌરક્ષકોએ પશુઓ ભરેલી એક શંકાસ્પદ ગાડી રોકી છે. પોલીસ ઘટના સ્થળે પહોંચતાં ત્યાં ટાટા કંપનીનું એક બંધ બોડી કન્ટેનર મળી આવ્યું હતું. તપાસ કરતાં કન્ટેનરમાં ૨૦ ભેંસને અત્યંત ક્રૂરતાપૂર્વક, ઘાસચારા કે પાણીની સુવિધા વિના ખીચોખીચ ભરીને રાખવામાં આવી હતી. આ પશુઓને પાસ-પરમિટ કે વેટરિનરી ડોક્ટરના પ્રમાણપત્ર વગર કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવતા હોવાનું ખૂલ્યું હતું. પોલીસે સ્થળ પરથી રૂ.૧૫,૦૦૦ની એક એવી કુલ ૨૦ ભેંસ જેની કિં.૩,૦૦,૦૦૦ થાય છે તે અને રૂ.૫ લાખની કિંમતનું ટાટા કંપનીનું બંધ બોડી કન્ટેનર મળી કુલ ૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે કન્ટેનર ચાલક અલ્તાફ ફિરોજ મુસાભાઈ દિવાન, જે ભરૂચના પાલેજ ગામનો રહેવાસી છે તેની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ ભેંસો ભરૂચના લુવાડા ગામના નાસીર અક્કુલ પટેલે ભરાવી આપી હતી અને તેને માલેગાંવ બજારમાં પહોંચાડવાની હતી. પોલીસે નાસીર પટેલને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સોડગામ ખાતે ગેસ સિલિન્ડર ફાટતાં આગ

બે ખેડૂતનાં મકાન સહિત સોલાર પેનલ અને ખાતર ખાખ, મહિલા ઘાયલ, 18 લાખનું નુકસાન

ભરૂચ: વાલિયા તાલુકાના સોડગામ ખેડૂત ભાઈઓનાં મકાનોમાં આગ લાગતાં સોલાર પેનલ, ખાતરો અને સિંચાઈ માટેના પાઈપો સહિતનો ખેતીનો મોટો જથ્થો બળીને ભસ્મીભૂત થઈ ગયો હતો. જો કે, આ દુર્ઘટનામાં એક મહિલાને ઈજા થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સોડગામ ગામના ખેડૂત ગજેન્દ્રસિંહ ભગવાનસિંહ અટોદરીયા અને હિતેન્દ્રસિંહ પ્રવીણસિંહ અટોદરીયાના રહેણાક મકાનો પાછળ બે અલગ મકાનો (ઓરડા) બનાવવામાં આવ્યા હતા, જેમાં ખેતી સંબંધિત સામગ્રી અને અન્ય કીમતી વસ્તુઓ રાખવામાં આવતી હતી. રવિવારે સવારે લગભગ દસ વાગ્યે આ એક મકાનમાં રાખેલો ગેસનો બાટલો અચાનક ફાટી ગયો હતો. બાટલો ફાટતાં તણખાથી તુરંત જ આગ ફાટી નીકળી હતી અને જોતજોતામાં તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

આગ એટલી ભીષણ હતી કે તેની ચપેટમાં આવતા બંને મકાન અને તેમાં રાખેલો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટના સ્થળે લગભગ વધારે પ્રમાણમાં રાખેલી સોલાર પેનલ, ખાતરોની ગુણો અને અન્ય પાઈપો સંપૂર્ણપણે બળી ગયા હોવાનું જણાવાયું છે. આગને કાબૂમાં લેવા શરૂઆતમાં સ્થાનિક ફળિયાના લોકોએ પાણીનો છંટકાવ કરવાના પ્રયાસો હાથ ધર્યા હતા, પરંતુ આગની ભયંકરતા સામે તેઓ નિષ્ફળ રહ્યા હતા.

આગની જાણ થતાં જ ભરૂચ જિલ્લા પંચાયતની ફાયર ટેન્કર અને ઝઘડીયા GIDC ખાતેની DCM કંપનીની ફાયર ટેન્કરને ઘટના સ્થળે દોડાવવામાં આવ્યા હતા. ફાયર કર્મચારીઓએ પાણીનો છંટકાવ કરીને ઘણી મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ બનાવમાં હિતેન્દ્રસિંહનાં પત્ની હિરલબેનને ઝાળ લાગતાં ઈજા થઈ હતી. તો બંને ખેડૂતને 18 લાખનું નુકસાન થતાં વાલિયા પોલીસમાં ગુનો દાખલ થયો છે.

સંક્ષિપ્ત સમાચાર

સોનગઢના જામખડીમાં કારમાંથી દારૂ ઝડપાયો

સોનગઢ: સોનગઢ વિસ્તારમાંથી તાપી જિલ્લા એલસીબી પોલીસ દ્વારા પ્રોહિબિશન વિરુદ્ધ કાર્યવાહી દરમ્યાન મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી પડ્યો છે. જામખડીમાં નાકાબંધી દરમિયાન સફેદ રંગની હ્યુન્ડાઈ ક્રેટા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો કબજે કરી બે શખ્સને ઝડપવામાં આવ્યા છે. પોલીસને બાતમી મળી હતી કે, એક કારમાં ઇંગ્લિશ દારૂનો જથ્થો ભરી સોનગઢ તરફ લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે સોનગઢ-હિંદલા રોડ પર જામખડી ગામ પાસે સ્વામિનારાયણ મંદિર સામે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. દરમિયાન શંકાસ્પદ હ્યુન્ડાઈ ક્રેટા કારને રોકી તપાસ કરતાં ગાડીની ડીકી તથા પાછળના ભાગમાંથી વિદેશી દારૂની કુલ 2664 બોટલ મળી આવી હતી. પોલીસે ઘટના સ્થળેથી આરીફ યુનુસભાઈ મલેક (રહે.,કુંભારીયા) અને પરવેશ સુરેશભાઈ નાયકા (રહે.,પલસાણા)ની ધરપકડ કરી હતી. પોલીસે 67 બોક્સમાં ભરેલી 2664 બોટલ વિદેશી દારૂ (કિંમત અંદાજે રૂ.7.26 લાખ), એક હ્યુન્ડાઈ ક્રેટા કાર (કિ.રૂ.5 લાખ) અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ.12.36 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સોનગઢ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અસનાડમાં પેટા આયુષ્યમાન આરોગ્ય મંદિરનું લોકાર્પણ

સાયણ: ઓલપાડના અસનાડ ગામે નવનિર્મિત આરોગ્ય કેન્દ્રનું અને ઓલપાડ-૨ ખાતે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ ધારાસભ્ય મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમર્થ કલ્યાણ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તાલુકાની તમામ આશાવર્કર બહેનોને સાડીનું વિતરણ કરાયું હતું.

ઓલપાડમાં આરોગ્ય તંત્રને એમ્બ્યુલન્સની ભેટ

સાયણ: ઓલપાડના ધારાસભ્ય અને પૂર્વ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વના સમર્થ કલ્યાણ સેવા ચેરિટેબલ ટ્રસ્ટે તાલુકાની પ્રજાના આરોગ્યની સુખાકારી માટે ઓલપાડ ખાતેના આરોગ્ય તંત્રને એમ્બ્યુલન્સની ભેટ ધરતા તાલુકાની જનતામાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. આ ટ્રસ્ટ યુવકોને રમતગમત, રોજગાર સહિત આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રની કામગીરી સાથે હળપતિ સમાજના સમૂહ લગ્નોત્સવનું આયોજન કરી ગરીબ લોકોની અભૂતપૂર્વ સેવા કરી રહ્યું છે.

વ્હાલુ ગામમાં આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો

ભરૂચ: ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, વિલાયતના સીએસઆર વિભાગ દ્વારા સેવા રૂરલ, ઝઘડિયાના સહયોગથી વ્હાલુ પ્રાથમિક શાળા ખાતે આંખ તપાસ અને મોતીયાબિંદ ઓળખ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારમાં આંખના આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા અને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ 213 દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 112 લાભાર્થીઓને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ 23 દર્દીઓને મોતીયાબિંદની સર્જરી માટે ઓળખી કાઢવામાં આવ્યા હતા. આ પૈકી 8 દર્દીઓને આજે સેવા રૂરલની મોબાઈલ બસ દ્વારા વધુ સારવાર અને ઓપરેશન માટે રવાના કરવામાં આવ્યા હતા.

Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

સોનગઢમાં મસ્જિદ બહાર યુવક પર હુમલો: પિતા-પુત્રો સામે ફરિયાદ

રીઝવાન સાથેના ઝઘડામાં અમને ધક્કો કેમ માર્યો હતો? કહી હુમલો

સોનગઢ: સોનગઢના જુના ગામ મુસ્લિમ ફળિયામાં આવેલી જુમ્મા મસ્જિદ પાસે ગઈકાલે સાંજે જૂની અદાવત રાખી ચાર ઈસમોએ એક યુવક પર હુમલો કરી તેને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ સોનગઢના અમન કોમ્પ્લેક્સમાં રહેતા અને મજૂરીકામ કરતા ઈમ્તીયાઝ કાસમભાઈ કુરેશી ગત તા.6/3/2026ના રોજ નમાજ પઢીને બહાર નીકળતા હતા. ત્યારે તેમણે જોયું કે આરોપી ફેઝલ ઉર્ફે ગુડુ શકીલ અંસારી તેના મિત્ર રીઝવાન ખાટીક સાથે ઝઘડો કરી રહ્યો હતો. રમઝાન માસ ચાલતો હોય, ઈમ્તીયાઝભાઈએ તેમને સમજાવીને છૂટા પાડ્યા હતા અને તે વખતે ફેઝલને ધક્કો મારી ત્યાંથી રવાના કર્યો હતો. આ બાબતની અદાવત રાખી ગઈકાલે તા.7/3/2026ના રોજ સાંજે આશરે પોણા સાત વાગ્યે જ્યારે ઈમ્તીયાઝભાઈ જુમ્મા મસ્જિદમાં રોઝદારો માટે જમવાનું બનાવી રહ્યા હતા, ત્યારે ફેઝલના પિતા શકીલભાઈ હબીબભાઈ અંસારીએ તેમને બૂમ પાડી બહાર બોલાવ્યા હતા. ઈમ્તીયાઝભાઈ બહાર આવતા જ ફેઝલે ગઈકાલે રીઝવાન સાથેના ઝઘડામાં અમને ધક્કો કેમ માર્યો હતો? તેમ કહી ઝઘડો કરી ગાલ પર ઝાપટ મારી દીધી હતી. દરમિયાન શકીલભાઈ અંસારીએ ઈમ્તીયાઝભાઈને પકડી રાખ્યા હતા અને ફેઝલના અન્ય બે ભાઈઓ રીઝવાન શકીલ અંસારી અને અન્નુભાઈ શકીલ અંસારી પણ ત્યાં દોડી આવ્યા હતા. આ ચારેય પિતા-પુત્રોએ ભેગા મળી ઈમ્તીયાઝભાઈને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મસ્જિદમાં હાજર અન્ય લોકો દોડી આવતાં ઈમ્તીયાઝભાઈને વધુ મારથી બચાવ થયો હતો. ઈજાગ્રસ્ત યુવકે સોનગઢ સરકારી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ચારેય આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફેઝલ ઉર્ફે ગુડુ, તેના પિતા શકીલભાઈ અને તેના બે ભાઈઓ રીઝવાન તથા અન્નુભાઈ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભડકોદ્રાના રામજી મંદિર પાસે વનિયરનું રેસ્ક્યુ કરાયું